મધ્યાહન ભોજન યોજનામાં ડી-ફેટેડ સોયાયુકત આટો
આપવાનું બંધ કરવા ની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક:મભય/૧૦૨૦૦૯/૮૭૬/૨,

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૭ /૦૭/૨૦૧૨

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા. ૩૦/૫/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:મભય/૧૦૨૦૦૯/૫૫૦/૨

(૨) શિક્ષણ વિભાગનો તા. ૦૬/૫/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:મભય/૧૦૨૦૦૯/૮૭૬/૨

(૩) કમિશ્નરશ્રી., મ.ભો.યો. નો તા. ૧૨/૮/૨૦૧૧ ના પત્ર ક્રમાંક:મભય/અમલ/૨૦૧૧/૯૪૫૫

(૪) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના તા. ૨૨/૦૫/૨૦૧૨નો પત્ર ક્રમાંક- પીડીએસ/જીઓઆઇ-૧૦૨૦૦૭-સોયા-ક,

ઠ રા વ:-

રાજયમાં મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને આઇ. સી. ડી. એસ. ના ધોરણે ઘઉંની જગ્યાએ ફોર્ટીફાઇડ આટા (નવ માઇક્રો ન્યુટ્રીયન્ટ સાથે) નો ઉપયોગ કરવાનું ઠરાવેલ છે. તેમાં સંદર્ભ- ૨ ના ઠરાવથી ફોલિક એસિડવાળા ફોર્ટીફાઇડ આટાથી બાળકોની રોગ પ્રતિકારક શક્તિ તથા તંદુરસ્તીમાં વધારો થાય તે હેતુને ધ્યાનમાં લઇને ડી-ફેટેડ સોયાયુકત આટાનો ઉપયોગ કરવાનું ઠરાવેલ છે. પરંતુ અનુભવે એવું જોવા મળેલ છે કે મ. ભો. યો. માં ડી-ફેટેડ સોયાયુક્ત આટાની વાનગીવાળો ખોરાક પ્રાથમિક શાળાના બાળકોને રૂચિકારક જણાતો ન હોવાથી ,બાળકો પુરો ખોરાક લેતા ન હતા. તેમજ ડી-ફેટેડ સોયાયુકત આટાની બનેલ વાનગી કાળી અને ચીકાશવાળી બનવા ઉપરાંત સોયાયુક્ત આટામાં અમુક સમય બાદ તેમાં જીવાત પડી જતી હતી. આથી કાળજી પૂર્વકની વિચારણાને અંતે હવે મધ્યાહન ભોજનની ખાદ્ય વાનગી બનાવવાના કામે ડી-ફેટેડ સોયાયુકત ફોર્ટીફાઇડ આટાનો ઉપયોગ બંધ કરવા માટે આથી નીચે મુજબની મંજૂરી આપવામાં આવે છે.

(૧) સોયાયુકત આટો બંધ કરવો.

(૨) મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોને ઘઉંના આટાને બદલે ઘઉં પુરા પાડવા.

(૩) માઇક્રો ન્યુટ્રીયન્ટ ફોર્ટીફિકેશન દાખલ કરવું.

(૪) ઘઉંની વાનગીના દિવસોમાં દાળનો પુરવઠો ૨૦ ગ્રામ અને ૩૦ ગ્રામના જથ્થામાં અનુક્રમે પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકોને અગાઉની જેમ યથાવત પૂરો પાડવો.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રણજીતકુમાર સિંહ I.A.S)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

5

(૨) માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રી, (પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૫) અગ્ર સચિવશ્રી, અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય,ગાંધીનગર

(૫) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના ની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) નિયામકશ્રી,ગુજરાત રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ,સેક્ટર,૧૦-A ગાંધીનગર

(૭) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.

(૯) સર્વે જીલ્લા કલેકટરશ્રી,

(૧૦) સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી,

(૧૧) સર્વે સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી

(૧૨) સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી

(૧૩) સર્વે નાયબ જીલ્લા કલેકટરશ્રી મ.ભો.યો. ની કચેરી,(જિલ્લા કલેકટશ્રી મારફતે)

(૧૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૬) નાયબ સેકશન અધિકારીશ્રી,

(૧૭) સિલેક્ટ ફાઇલ